## સેક્ટર-૨૪ની ચિંતાજનક ઘટના

# ૧૪ વર્ષના કિશોરે પંખે દોરી બાંધીને ફાંસો ખાધો

**કિંમતી જીંદગી તરછોડી દેનાર કિશોર ધો. ૮માં અભ્યાસ કરતો હતો : માતા નાના દિકરાને લેવા શાળાએ ગઈ ત્યારે ઘરે એકાંતમાં પગલુ ભર્યું : આપઘાતનું કારણ અકબંધ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આપઘાતનું વધી ગયેલુ પ્રમાણ અત્યંત ચિંતાજનક બન્યું છે. વિશેષ ધ્યાન દોરાય તેવી બાબતનો એ છે કે જેણે હજુ દુનિયાને જોઈ, જાણી કે સમજી જ નથી.. તેવો સગીર વયનો વર્ગ સરળતાથી સ્હેજ પણ હિચકીચાટ વગર કિંમતી જીંદગીને તરછોડીને મૃત્યુ માર્ગ અપનાવી લેતો થઈ ગયો છે... કારણ કદાચ ખુબ જ સામાન્ય હોય પરંતુ મનમાં લાગી જાય તો જાણે કે.બી.સી.નો પ્રશ્ન ક્વીટ કરવાનો હોય તેમ જીંદગી ક્વીટ કરી નાખે..! સગીર વયના કિશોર-કિશોરી દ્વારા આપઘાતના ઘણા કિસ્સાઓ બન્યા છે. ગઈ મોડી સાંજે આવો જ એક કિસ્સો સેક્ટર-૨૪ પોસ્ટલ કોલોનીમાં બનવા પામ્યો હતો. ધો. ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ કોઈ કારણોસર માતા નાના દિકરાને લેવા શાળાએ ગઈ ત્યારે ઘરે એકાંતમાં રસોડામાં જઈને પંખે ખાટલાની દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. હજુ તેના પરિવારજનો પણ શોધે છે કે ક્યાં કારણે તેણે આપઘાત કરી લીધો હશે..! જેનાથી અંદાજ લગાવી શકાય કે કારમ કેટલુ સામાન્ય હશે..?

શહેરના સેક્ટર-૨૪ પોસ્ટલ કોલોની મકાન નં. એ/૩/૪ ખાતે રહેતા રમેશભાઈ ઠાકોર રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાતન ચલાવે છે. તેમના પિતા પોસ્ટ વિભાગમાંથી સાતેક માસ પહેલા જ નિવૃત્ત થયા હતા. તેમના બે દિકરાઓ સે. ૨૪ની વિવેકાનંદ શાળામાં અભ્યાસ કરે છે. ૧૪ વર્ષનો મોટો દિકરો નિલેશ ઠાકોર ધો. ૮ માં અભ્યાસ કરતો હતો અને ગઈ સાંજે ઘરે હતો ત્યારે માતા નાના દિકરાને લેવા શાળાએ ગઈ હતી. દાદા ડભોડા ખાતે બની રહેલા મકાનનું કામ બતાવીને બપોરે ઘરે આવ્યા બાદ નિલેશ સાથે ચા પીને સાંજે ચાલવા નીકળ્યા હતા. પિતા રમેશભાઈ રિક્ષા લઈને ફેરા મારવા નિકળ્યા હતા. આ સમયે નિલેશ ઘરે એકલો હતો ત્યારે રસોડામાં જઈને પંખે ખાટલાની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. નાના દિકરાને શાળાએથી લઈને પાછી ફરેલી માતાએ ઘરે આવીને રસોડામાં જોયું તો મોટો દિકરો પંખે લટકેલી હાલતમાં હતો. હેબતાઈ ગયેલી માતાએ પરિવારને જાણ કરી. સે. ૨૧ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જો કે આપઘાતનું કારણ હજુ પણ અકબંધ છે. પિતા રમેશભાઈના જણાવ્યા મુજબ હમણાં તેને સાયકલ લઈ આપી હતી. ઘરે પણ કંઈ થયું નથી... સ્કૂલે કંઈ થયું હોય તેવી વાત કરી નથી... તેમ છતાં કેમ આ પગલુ ભર્યુ તે પોતે પણ જાણતા નથી..!

# સેન્ટ્રલ વર્જને આકર્ષક બનાવાઈ રહ્યા છે

## શહેરના ઉભા રસ્તાઓના સેન્ટ્રલ વર્જ કંગાળ હાલતમાં

ગાંધીનગર, તા. ૪

શહેરમાં રોડનેટવર્ક પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ હજુ પણ કંગાળ ભાસે છે. વનવિભાગ દ્વારા સમયાંતરે ટ્રીમીંગ પણ થતુ નથી જ્યારે સેન્ટ્રલ વર્જના ડીવાઈડરમાં પણ ઘણા ઠેકાણે ભંગાણ થયા છે. હાલ વિવિધ માર્ગોના સેન્ટ્રલ વર્જને નવા રૂપરંગ આપવા કામ હાથ ધરાયું છે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં બ્યુટીફીકેશનના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. માર્ગ નવીનીકરણ ઉપરાંત રોડ ફર્નિચરને આનુસંગિત કામો હાથ ધરાયા છે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જના વન વિભાગ દ્વારા પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. પરંતુ યોગ્ય ટ્રીમીંગના અભાવે માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી બનતા રોપાઓ સુંદરતા પણ ગુમાવી બેઠા છે. આ ઉપરાંત શહેરના ઉભા રસ્તાઓના સેન્ટ્રલ વર્જમાં બ્યુટીફીકેશનનો ખ્યાલ ન રખાતા આ માર્ગો તદ્દન કંગાળ ભાસી રહ્યા છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ સેન્ટ્રલ વર્જને કલર કરવામાં આવી રહ્યો છે. જ્યારે સેન્ટ્રલ વર્જના ડીવાઈડરનું પણ સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં ઘ-૨ થી નાના ગ-૨ તરફ જવાના રૂટમાં સ્થિત સેન્ટ્રલ વર્જના તુટતા ભાગને રીપેર કરવા ટીમ કામે લાગી છે. માર્ગોની સાથે આસપાસનો વિસ્તાર તેમજ સેન્ટ્રલ વર્જને પણ આકર્ષક લૂક આપવા પૂરજોશમાં કામ ચાલી રહ્યું છે.



(તસવીર : ધનંજય જોષી)



...તોય એમનું એમ - વાયબ્રન્ટ પૂર્વે શહેરને ચોખ્ખુચણાક કરવાના લક્ષ્ય સાથે કામ કરતાં સફાઈ કામદારો કે તેમના સુપરવાઈઝરો સુપ્રિમ કોર્ટના ચુકાદાને પણ ઘોળીને પી જાય છે... અનેક વખત અખબારોમાં તસવીરો છપાઈ, મસમોટા લેખ લખાયા, ચર્ચાઓ થઈ, ઠરાવો થયા પણ અમે તો નહિ સુધરવાનું પણ લઈને બેઠા છીએ, કચરો જાહેરમાં સળગાવવાનું.... આજકાલ ગાંધીનગરના જાહેર માર્ગો પર કચરો સળગાવવાના દશ્યો ઠેર-ઠેર જોવા મળે છે... પ્રદૂષણના મામલે જાણે આપણે ગંભીર જ નથી એવી બેફિકરાઈથી સ્વચ્છતાના નામે આડેધડ કામગીરી કરીએ છીએ... સ્વચ્છતા અનિવાર્ય છે પરંતુ સાથે સાથે પર્યાવરણની જાળવણી પણ એટલી જ અનિવાર્ય છે... આવો ગાંધીનગરને સ્વચ્છ પણ બનાવીએ અને સ્વસ્થ પણ બનાવીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ફૂટપાથના ગાબડા પુરવા ૧૫ લાખથી વધુ ખર્ચ થશે

ગાંધીનગર, તા.૪

શહેરમાં ફૂટપાથ નેટવર્કનું હવે સમારકામ હાથ ધરાશે. નગરના મુખ્યમાર્ગો અને સેકટરોના એપ્રોચ માર્ગો આસપાસ પથરાયેલી ફૂટપાથમાં ઘણા ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વાઈબ્રન્ટ પૂર્વે ફૂટપાથ રીપેરીંગનું કામ પૂર્ણ કરી દેવાશે. ફૂટપાથને યોગ્ય કરવા અંદાજિત રૂ. ૧૫ લાખથી વધુ ખર્ચ થશે.

શહેરમાં છેલ્લા એક દાયકા દરમિયાન અંદાજિત ૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનું નિર્માણ કરવામાં આવ્યું છે જયારે તંત્ર કક્ષાએ અગાઉ સર્વે હાથ ધરાયા બાદ ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી પણ ટૂંકમાં પૂર્ણ થઈ જશે. શહેરમાં ફૂટપાથનું બાકી કામ ચાલી રહ્યુ છે ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં ફૂટપાથનું જરુરી સમારકામ હાથ ધરવામાં આવશે. જાળવણીના અભાવે ફૂટપાથ પર ઠેક ઠેકાણે ગાબડા પડયા છે. ફૂટપાથના બ્લોક તુટી ગયા છે. જયારે ઘણા ઠેકાણે ફૂટપાથ દબાઈ ગઈ છે. લોકજાગૃતિના અભાવે ફૂટપાથ પર જોખમી રીતે વાહનો પણ દોડાવાય છે.બીજી તરફ આસપાસના દબાણકર્તાઓ ગંદકી પણ ફેલાવે છે. તંત્ર કક્ષાએથી પણ યોગ્ય દરકાર ન લેવાતા ફૂટપાથનો હેતુ ન સરતો હોવાનું સ્પષ્ટ થયુ છે. શહેરના અમુક માર્ગો પર વોક વેની હાલત એવી છે કે આમ નાગરિકો ફૂટપાથ પર વોકીંગ કરવાનું ટાળે છે. તંત્ર દ્વારા વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ફૂટપાથને નવા રૂપરંગ આપવાનું ટૂંકમાં કામ શરુ કરાશે જયારે ફૂટપાથને થીગડા મારવા અંદાજિત રૂ.૧૫ લાખથી વધુ ખર્ચ થશે.

# ગેમીના ડાયરેક્ટર ડૉ. સંજીવ ત્યાગીને રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રીમાં ફેલોશીપ

ગાંધીનગર, તા.૪

આઈ.એફ.એસ. અધિકારી ડૉ. સંજીવ ત્યાગીને યુ.કે.સ્થિત રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રીમાં ફેલોશીપ આપવામાં આવી છે.

ગુજરાત એન્વાર્યનમેન્ટ મેનેજમેન્ટ ઈસ્ટિટયુટ (ગેમી)ના ડાયરેકટર ડૉ. સંજીવ ત્યાગી ૧૯૮૮ની બેચના આઈ.એફ.એસ. ઓફિસર છે. તેમણે આઈ.આઈ.ટી. દિલ્હીમાંથી સીવીલ એન્જિનીયરીંગમાં સ્નાતક અને પર્યાવરણમાં ડૉકટરેટની પદવી હાંસલ કરી છે. તેઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્યસચિવ તરીકે પણ સેવાઓ આપી ચૂકયા છે. ખૂબ જુજ અધિકારીઓ આ રોયલ સોસાયટીમાં સ્થાન પ્રાપ્ત કરી શકયા છે ત્યારે આ સોસાયટીના ફેલો તરીકે ડૉકટર સંજીવ ત્યાગીની પસંદગી એક ગૌરવપ્રદ અવસર છે. ડૉ. ત્યાગી સોસાયટીના ફેલો તરીકે સોસાયટી સંચાલિત વિશિષ્ટ જ્ઞાન મંડળમાં પણ સમાવિષ્ટ થશે. આ મંડળ સમયાંતરે રસાયણ ક્ષેત્રે સંશોધનોને વેગ આપતાં પુસ્તકો અને સામાયિકો પણ પ્રકાશિત કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પરંપરા અનુસાર આર.એસ.સી. પ્રતિવર્ષે સોસાયટીમાં પ્રવેશ પામનારા નવા ફેલોના નામ લંડનના સુપ્રસિદ્ધ પ્રકાશન ધ ટાઈમ્સમાં પ્રકાશિત કરે છે. તા. ૩૦ ઓકટોબર-૨૦૧૪ની આવૃત્તિમાં ડૉ. સંજીવ ત્યાગીનું નામ પ્રસિદ્ધ થયું હતું.

# વાઈબ્રન્ટને પગલે અડાલજની વાવ સાયન્સ સીટીમાં ભવ્ય થીમપાર્ક બનશે

**પ્રવાસી ભારતીય દિવસ, વાઈબ્રન્ટ સમિટ અને કાઈટ ફેસ્ટીવલને ધ્યાને લઈ થીમપાર્ક વિકસાવવા સરકારની યોજના**

ગાંધીનગર, તા. ૪

જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગર આવશે. ભવ્ય થીમપાર્કનું નિર્માણ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાનુભાવો અને મુલાકાતીઓ માટે આ થીમપાર્ક પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.



આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં લઈ શહેરમાં હાલ નજર નાંખો ત્યાં અવનવી કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું સ્પષ્ટ થાય છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ-વિદેશના પી.એમ. થી લઈ વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ વિદેશી ડેલીગેટ્સ સહીત નગરમાં વી.વી.આઈ.પી.ઓનો દબદબો જોવા મળશે. જેના પરિણામે નગરને પણ સોળે શણગારથી શોભાવવા તમામ કક્ષાએ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શહેરને ગંદકી અને દબાણમુક્ત કરવા ઉપરાંત બ્યુટીફીકેશન તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું ભવ્ય વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા તડામાર તૈયારીનો દૌર શરૂ થઈ ગયો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી અડાલજની વાવ તેમજ સાયન્સ સીટી ખાતે

● અનુસંધાન પાન-૭ પર

# શાહપુર બ્રિજનું કામ વાઈબ્રન્ટ સમિટ પહેલા પૂર્ણ કરી દેવાશે

**બ્રિજના જોઈન્ટસ બદલવા અને આગળ-પાછળના સ્લેબ ભરવા ૬૬ લાખનો ખર્ચ : કામ પ્રગતિ હેઠળ**

ગાંધીનગર, તા. ૪

શાહપુર બ્રિજને મજબૂત બનાવવા બ્રિજના જોઈન્ટસ બદલવા ઉપરાંત સાઈડના પડખાનુ કામ હાથ ધરવામાં આવ્યું છે. બ્રિજ પરથી વાહનો પસાર થાય ત્યારે જોઈન્ટનો ભાગ ઊંચો-નીચો થતો હોવાથી તંત્ર દ્વારા બ્રિજની સલામતી માટે કામ હાથ ધરાયું છે. આગામી વાઈબ્રન્ટ સમિટમાં પણ આ બ્રિજ પરથી મહાનુભાવોની અવર-જવર થવાની હોવાથી ટુંકમાં કામ પણ પુરૂ કરી દેવાશે.

ધોળાકુવા સર્કલ રક્ષાશક્તિથી શાહપુર તરફ જવાના બ્રિજનું હાલ કામ હાથ ધરવામાં આવ્યું છે. આ બ્રિજમાં ખાસ કરીને જોઈન્ટ બદલવાની કામગીરી ચાલી રહી છે. શાહપુરબ્રિજ પર ભારે વાહનો તેમજ અન્ય ગાડીઓ પસાર થતા બ્રિજનો જોઈન્ટ ઉંચો-નીચો થતો હોવાનું ધ્યાને આવ્યું હતું. આ સઘળી સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ આ મામલે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે બ્રિજનું જરૂરી કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. હાલ શાહપુરબ્રિજના જોઈન્ટસ બદલવાનું કામ હાથ ધરાયું છે. આ ઉપરાંત બ્રિજના પહેલા અને છેલ્લા ભાગના સ્લેબ પણ નવેસરથી ભરવામાં આવશે. જ્યારે અંતમાં જરૂરી ડામર કામ કરવામાં આવશે. શાહપુરબ્રિજને વધુ મજબૂત બનાવવા રૂ. ૬૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે બ્રિજનું કામ પૂર્ણ કરી દેવાશે. વાઈબ્રન્ટ દરમિયાન આ રૂટમાંથી પણ મહાનુભાવોની અવર-જવર રહેવાની હોવાથી તંત્ર દ્વારા આ કામગીરી મહીનામાં પૂર્ણ કરી દેવાશે.

# ગાંધીનગરમાં ઠંડી વધી

ગાંધીનગર, તા.૪

ડીસેમ્બર મહિનાની શરૂઆતમાં જ ઠંડીએ સારી એવી જમાવટ કરી છે. લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતા ઘટયું છે. ગઈ કાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. જેટલું નોંધાયું હતું.

ધીમે ધીમે ઠંડી વધી રહી છે. રાત્રે ઠંડો પવન શરૂ થતા બહાર નીકળાતું નથી. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી એકાદ-બે દિવસમાં હજુ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થશે. આજે મહત્તમ તાપમાન ૩૨.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. નોંધાયું હતું.

રૂ. ૧૨૦માં - સ્વિટ-૧, શાક-૨, દાળ-ભાત, પૂરી, પાપડ, સલાડ, મીનરલ વૉટર સાથે ૧૦૦ ડીશ ઉપર ઓર્ડર આવકાર્ય

પ્રો. ચિન્ટુ કુન્દનલાલ પટેલ મો. : ૯૯૨૫૪ ૬૬૪૯૦ મો. : ૯૮૨૫૭ ૧૯૯૮૬ મો. : ૮૭૩૪૯ ૭૧૯૩૩

જયઅંબે કેટરર્સ

દરેક શુભ તથા લગ્ન પ્રસંગે ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડીયન, ચાઈનીઝ, ફાસ્ટફુડ અને દિલ્હીચાટની ફુલ ડીશ તથા લેબર કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો.

પ્લોટ નં. ૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર





ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — Kisan — ashirvad C. PVC, UPVC — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com